# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-2024 Midday : 2.30 to 2.35

Day : Saturday Regional News

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમનો આ 114મો એપિસોડ છે. આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો  પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# CM KHADI BHAVAN UDGHATAN

અમદાવાદ ખાતે નવનિર્મિત ખાદી ભવનનું ઉદ્ઘાટન થયું છે.. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત આ નવા ખાદી ભવનનું ઉદઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યું હતું..

અમદાવાદ ઇન્કમટેક્સ ચાર રસ્તા પાસે નવ નિર્મિત ખાદી ભવનમાંથી ખાદીની ખરીદીને પ્રોત્સાહિત કરવા માટે મુખ્યમંત્રીએ નવનિર્મિત ખરીદી કરી હતી.. તેમજ લોકોને વધુને વધુ ખાદીની ખરીદી કરવા અપીલ કરી હતી.

# SWACCHTA HI SEVA CYCLOTHON

સ્વચ્છતા હી સેવા અભિયાનના ભાગ રૂપે તંદુરસ્ત જીવન શૈલીને પ્રોત્સાહન આપવા અને પર્યાવરણ વિશે જાગૃતિ વધારવાના હેતુથી અમદાવાદમાં સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાયેલી આ સાયકલ રેલીમાં પબ્લિક ઇન્ફર્મેશન બ્યુરો, કેન્દ્રીય સંદેશા વ્યવહાર, આવકવેરા, ભારતીય ઓડિટ અને એકાઉન્ટ્સ વિભાગ, દૂરદર્શન, ઈન્ડિયા પોસ્ટ સહિત ભારત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ આ સાયકલ રેલીમાં ભાગ લીધો હતો.

સરદાર બ્રિજથી શરૂ થયેલી આ સાયક્લોથોનમાં સામેલ એક સો પચાસ જેટલા સાયકલ સવારો ગાંધી આશ્રમ પહોંચ્યા હતા. સ્વચ્છતાના સંદેશનો પ્રસરાવતી આ સાયકલ રેલી રિવરફ્રન્ટ થઈ સુભાષબ્રિજ થઈને સ્વચ્છતાનો સંકલ્પ લઇને પરત ફરી હતી.

આ પ્રસંગે PIB દ્વારા સ્વચ્છતા અભિયાન પ્રત્યેની જાગૃતતા કેળવવાનો પ્રયાસના ભાગરૂપે સુદર્શન આયંગર દ્વારા લિખિત ગાંધીજી અને સ્વચ્છતા- મહાત્માની પગદંડી પરનુ પુસ્તક સહભાગીઓને આપવામાં આવ્યું હતું.

# GUJARAT POLICE BHARTI

રાજ્ય સરકારે વર્ષ 2025માં રાજ્યના પોલીસ દળ વર્ગ – 3ની વિવિધ શ્રેણીઓમાં કુલ 14 હજાર, 820 જગ્યાઓ પર ભર્તી કરવાની જાહેરાત કરી છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ વિશે માહિતી આપતા જણાવ્યું કે જે જગ્યાઓ પર ભરતી કરવાનું આયોજન છે, તેમાં હથિયારી PSI, બિન હથિયારધારી પીએસઆઈ, વાયરલેસ PSI, ટેક્નિકલ ઑપરેટર, હેડ કોન્સ્ટેબલ, ડ્રાઇવરમોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર , જેલ પુરુષ અને મહિલા સિપાઈ સહિતની વિવિધ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પોલીસ ખાતાની કચેરીઓની સીનીયર ક્લાર્કની ૪૫ તથા જુનીયર ક્લાર્કની ૨૦૦ જગ્યાઓ મળી કુલ-૨૪૫ જગ્યાઓ પર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતી હાથ ધરવામાં આવશે.

# STATE RAIN

રાજ્યમાં આજે સવારે પૂરાં થયેલા 24 કલાક દરમિયાન 233 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે..જેમાં સૌથી વધુ નર્મદામાં સાત ઇંચ કરતાં વધુ, સુરેન્દ્રનગરમાં સાડા પાંચ ઇંચ, જૂનાગઢ તાલુકા અને શહેરમાં પાંચ પાંચ ઇચ અને સુરતમાં સાડા ચાર ઇંચ કરતાં વધુ વરસાદ નોંધોયો છે. દિવસ દરમિયાન રાજ્મયાં સરેરાશ સવા ઇચં જેટલો વરસાદ પડ્યો હતો..

રાજ્યના જીવાદોરી સમાન નર્મદા બંધમાં 99 ટકા જળસંગ્રહ થયો છે. જ્યારે 206માંથી 158 જળાશય હાઇ એલર્ટ પર છે અને 13 એલર્ટ પર તેમજ આઠ જળાશય માટે ચેતવણી જાહેર કરાઇ છે.. પાંચ નદીઓ અને સાત તળાવો ઓવરફ્લો થઇ રહ્યાં છે. વરસાદના પગલે રાજ્યભરમાં 98 ટકા જેટલુ ખરીફ પાકોનું રાજ્યભરમાં વાવેતર કરાયું છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..